પેજ 3

નરેન્દ્ર મોદીના જન્મદિવસે બોલિવૂડ સેલેબ્સે પાઠવી શુભેચ્છા



સલમાન, શાહરૂખ અને અક્ષય કુમાર સહિતના દિગ્ગજ કલાકારોએ સોશિયલ મીડિયા પર પાઠવ્યા અભિનંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૬મા જન્મદિવસે દેશના વરિષ્ઠ રાજકારણીઓ સાથે બોલિવૂડના દિગ્ગજ કલાકારોએ સોશિયલ મીડિયા પર શુભેચ્છાઓનો વરસાદ કર્યો હતો. સલમાન ખાન: પીએમ મોદીને શુભેચ્છા આપતા લખ્યું, "જન્મદિન મુબારક હો પીએમ સાહેબ, નરેન્દ્ર ભાઈ મોદી - જય હિન્દ." શાહરૂખ ખાન: વડાપ્રધાનના ઉત્તમ સ્વાસ્થ્યની કામના કરી અને ઉમેર્યું કે તેઓ પોતાની સકારાત્મક ઊર્જાથી રાષ્ટ્રને પ્રેરિત કરતા રહે. અક્ષય કુમાર: જરૂરિયાતમંદોની મદદ કરીને અને સેવા સંકલ્પ સાથે આ દિવસ ઉજવવાનો સુંદર સંદેશ આપ્યો. આ સિવાય મહેશ બાબુ, કંગના રનૌત અને અનુપમ ખેર જેવા અનેક સ્ટાર્સે પણ વડાપ્રધાનને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

અંબાણી પરિવારના ગણેશોત્સવમાં દેશી લૂકમાં ચમકી ટ્રમ્પની પુત્રી ટિફની

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની પુત્રી ટિફની ટ્રમ્પે મુંબઈ સ્થિત અંબાણી પરિવારના નિવાસસ્થાન 'એન્ટીલિયા' ખાતે યોજાયેલા ગણેશોત્સવમાં હાજરી આપી હતી. આ ખાસ પ્રસંગે ટિફની સંપૂર્ણ ભારતીય પરંપરાગત અવતારમાં જોવા મળી હતી. તેમણે ભારતના પ્રખ્યાત ડિઝાઇનર મનીષ મલ્હોત્રા દ્વારા ડિઝાઇન કરાયેલો પેસ્ટલ પિસ્તા ગ્રીન અને બ્લશ-કોરલ પિન્ક દુપટ્ટા વાળો લહેંગો પહેર્યો હતો. ટિફનીના આ રોયલ લહેંગા પર મોતીનું બારીક કામ, થ્રેડવર્ક અને સ્કેલોપ્ડ બોર્ડર સાથેની ફ્લોરલ ડિઝાઇન કરવામાં આવી હતી. બોલિવૂડની અનેક મોટી હસ્તીઓની હાજરી વચ્ચે ટિફનીનો આ દેશી અંદાજ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. તેમણે સોશિયલ મીડિયા પર આ ઉજવણીની સુંદર તસવીરો પણ શેર કરી હતી.

IIFA એવોર્ડ્સ ૨૦૨૭નું અબુ ધાબીમાં આયોજન: સલમાન ખાન અને કરીના કપૂર સહિતના સ્ટાર્સ ચમકશે



ઇન્ટરનેશનલ ઇન્ડિયન ફિલ્મ એકેડમી (IIFA) એવોર્ડ્સની ૨૭મી આવૃત્તિ ૨૨ અને ૨૩ જાન્યુઆરી ૨૦૨૭ દરમિયાન અબુ ધાબીના યાસ આઇલેન્ડ સ્થિત 'એતિહાદ એરેના' ખાતે યોજાશે. અબુ ધાબીમાં આ ફેસ્ટિવલ ચોથી વખત યોજાઈ રહ્યો છે, જે ત્યાંના 'ડિપાર્ટમેન્ટ ઓફ કલ્ચર એન્ડ ટુરિઝ્મ' અને 'મિરાલ'ના સહયોગથી આયોજિત થશે. વિઝક્રાફ્ટ ઇન્ટરનેશનલ દ્વારા પ્રસ્તુત આ બે દિવસીય ભવ્ય સમારોહમાં સલમાન ખાન, કરીના કપૂર ખાન, શાહિદ કપૂર, કરણ જોહર, વરુણ ધવન, જાન્હવી કપૂર, પંકજ ત્રિપાઠી અને અલી ફઝલ સહિત બોલિવૂડના અગ્રણી કલાકારો, ફિલ્મમેકર્સ અને સંગીતકારો હાજરી આપશે. આ મહોત્સવમાં બોલિવૂડ સેલેબ્સના રોમાંચક પરફોર્મન્સ અને એવોર્ડ વિતરણ મુખ્ય આકર્ષણ રહેશે.

જેમિમાએ બીજા લગ્નની તસવીરો શેર કરી

ઇમરાન ખાનના પુત્રો માતાને મંડપ સુધી દોરી ગયા

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઇમરાન ખાનની પૂર્વ પત્ની જેમિમા ગોલ્ડસ્મિથે ૧૨ સપ્ટેમ્બરે ઓસ્ટ્રેલિયન બિઝનેસમેન કેમેરોન ઓ'રેલી સાથે લગ્ન કર્યા છે. આ યાદગાર પ્રસંગની સુંદર તસવીરો પર વર્ષીય ફિલ્મ પ્રોડ્યુસર જેમિમાએ ઇન્સ્ટાગ્રામ પર શેર કરી છે. આ ખાસ સમારંભની સૌથી ભાવાત્મક ક્ષણ એ હતી કે ઇમરાન ખાન અને જેમિમાના બંને પુત્રો–સુલેમાન અને કાસિમ ખાને પોતાની માતાને મંડપ સુધી પહોંચાડ્યા હતા. આ ઉપરાંત તેમની સાવકી પુત્રી ટાયરિયન વ્હાઇટે 'મેઇડ ઓફ ઓનર' તરીકેની મુખ્ય ભૂમિકા ભજવી હતી. પોતાના ખાસ દિવસ માટે જેમિમાએ 'ઓસ્કાર ડી લા રેન્ટા'નું કસ્ટમ ગાઉન પહેર્યું હતું. નજીકના સ્નેહીજનોની હાજરીમાં યોજાયેલા આ પ્રસંગને યાદગાર બનાવવા બદલ તેમણે તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.

કેનેડાને પોતાનું એસોસીએટ સભ્ય બનાવવાની યુરોપિયન યુનિયનની દરખાસ્ત

યુરોપિયન પાર્લમેન્ટની બેઠકમાં કેનેડિયન વડાપ્રધાન કાર્નીની હાજરીમાં આ દરખાસ્ત મૂકવામાં આવી

ઇયુની ઓફરને આવકારતા કાર્નીએ કહ્યું કે અમે કોઇની વિરુદ્ધ નવું ગઠબંધન રચતા નથી પણ અમારી મજબૂતાઇનું નિર્માણ કરી રહ્યા છીએ

સ્ટ્રેસબર્ગ(ફ્રાન્સ), તા. ૧૭(એપી): યુરોપિયન યુનિયને કેનેડાને તેનું પ્રથમ એસોસીએટ સભ્ય બનવા આમંત્રણ આપ્યું છે. યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વૉન ડેર લેયને કેનેડાને EU(યુરોપિયન યુનિયન)નું પ્રથમ સહયોગી સભ્ય બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો -- એવું સ્થાન કે જે હાલમાં આ ગઠબંધનના કરારોમાં અસ્તિત્વ ધરાવતું નથી અને તેને નવેસરથી બનાવવું પડશે. તેમણે કહ્યું કે યુરોપ કેનેડા સાથેના પોતાના સંબંધોને શક્ય તેટલી સર્વોચ્ચ ઊંચાઈ" પર લઈ જવા માંગે છે. યુરોપિયન પાર્લામેન્ટ ચેમ્બરની પ્રથમ હરોળમાં બેઠેલા કાર્નીએ સંમતિમાં માથું હલાવ્યું અને વૉન ડેર લેયનને ભેટવા માટે ઊભા થયા, જ્યારે સાંસદોએ આ પ્રસ્તાવનું ઊભા થઈને સ્વાગત કર્યું હતું.

વૉન ડેર લેયને કહ્યું કે કેનેડા અને EUએ તેમના વર્તમાન મુક્ત વ્યાપાર કરારથી આગળ વધવું જોઈએ અને સામાન્ય સમૃદ્ધિ અને આર્થિક સુરક્ષા ક્ષેત્રને આવરી લેતું એક "ભવિષ્ય માટેનું ગઠબંધન" બનાવવું જોઈએ. કાર્ની મોન્ટ્રિયલમાં ૨૯-૩૦ ઓક્ટોબરના રોજ કેનેડા-EU સમિટ માટે EU નેતાઓનું આતિથ્ય કરશે, જ્યાં બંને પક્ષો પ્રસ્તાવિત નવા સંબંધો વિશે વધુ વિગતવાર ચર્ચા કરે તેવી અપેક્ષા છે. કેનેડા તેની નિકાસનો લગભગ ૭૦ ટકા હિસ્સો અમેરિકા મોકલે છે, જે તેને ટ્રમ્પના ટેરિફનો ભારે ભોગ બનવા જઇ રહ્યો છે. ઓટાવાએ વળતા પગલાં લીધા છે અને કાર્નીના જણાવ્યા મુજબ કેનેડિયન સાર્વભૌમત્વને જોખમમાં મૂકતી માંગણીઓને ફગાવી દીધી છે.

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ ગુરુવારે કેનેડાને યુરોપિયન યુનિયન(EU)ના પ્રથમ સહયોગી સભ્ય બનાવવાના પ્રસ્તાવનું સ્વાગત કર્યું હતું, પરંતુ તેમણે સ્પષ્ટ કર્યું હતું કે આ મજબૂત જોડાણનો અર્થ એવો નથી કે વિશ્વની મહાસત્તાઓનો મુકાબલો કરે તેવો કોઈ નવો બ્લોક રચવામાં આવે છે.

અમેરિકાએ ઈરાનમાં યુદ્ધ ગુનાઓ આચર્યા હોવાનો યુએન નિષ્ણાતોનો અભિપ્રાય

મીનાબ શહેરની કન્યાશાળા પર અને લામેર્ડ શહેર પર થયેલા મિસાઇલ હુમલા આનું ઉદાહરણ છે

ઇરાન સરકારે પણ પોતાના નાગરિકો પર દમન કરીને માનવતા વિરુદ્ધના અપરાધો આચર્યા

જિનીવા, તા. ૧૭(એપી): UNની સર્વોચ્ચ માનવાધિકાર સંસ્થા દ્વારા નીમવામાં આવેલા માનવાધિકાર નિષ્ણાતોએ જણાવ્યું છે કે, દક્ષિણના શહેર મીનાબમાં આવેલી એક શાળા સહિત ઈરાનમાં બે હુમલામાં અમેરિકાએ યુદ્ધ અપરાધો કર્યા હોવાનું માનવા માટે તેમને વાજબી ભૂમિકા મળી છે.

ગુરુવારે પ્રકાશિત થયેલા એક અહેવાલમાં તેઓએ ઈરાનની ધર્મશાહી સરકાર પર પોતાના જ લોકો સામે માનવતા વિરુદ્ધના અપરાધો કરવાનો આરોપ પણ મૂક્યો છે. આ અહેવાલ બંધનકર્તા નથી, પરંતુ તે ઈરાન યુદ્ધમાં થયેલા અપરાધો અંગે એકત્રિત કરવામાં આવેલા આંતરરાષ્ટ્રીય પુરાવાઓમાં ઉમેરો કરે છે, અને આંતરરાષ્ટ્રીય અદાલતોમાં ન્યાય મેળવવાના પ્રયાસોમાં આખરે ઉપયોગી થઈ શકે છે. બાંગ્લાદેશના ન્યાયશાસ્ત્રી સારા હોસેનની અધ્યક્ષતામાં ઈરાન પરનું ફેક્ટ-ફાઈન્ડિંગ મિશન સ્વતંત્ર નિષ્ણાતોનું બનેલું છે. આ મિશન ૨૦૨૨માં જિનીવા સ્થિત યુએનની સર્વોચ્ચ માનવાધિકાર સંસ્થા 'હ્યુમન રાઈટ્સ કાઉન્સિલ' દ્વારા બનાવવામાં આવ્યું હતું.

આંતરરાષ્ટ્રીય ફેક્ટ-ફાઈન્ડિંગ મિશન જણાવે છે કે અમેરિકાના યુદ્ધ અપરાધો અંગેના તેના તારણો બે અમેરિકી હવાઈ હુમલાઓ પર કેન્દ્રિત છે જેમાં મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછા ૧૭૮ નાગરિકો માર્યા ગયા હતા. ફેબ્રુઆરીમાં ઈરાન સામે યુદ્ધની શરૂઆતમાં, ઓછામાં ઓછી એક અમેરિકી મિસાઈલ મીનાબની શજરેહ તૈયબા શાળા પર પડી હતી.

યુરોપિયન યુનિયન પર આકરા ટેરિફ ઝીંકવાની ટ્રમ્પની ધમકી

જો કેનેડાને આ યુનિયનનું સભ્ય બનાવવાનું બદઇરાદાયુક્ત જણાશે તો ઇયુ સાથે ઘણી વસ્તુઓનો વેપાર પણ બંધ કરી દેવાની ચેતવણી

વૉશિંગ્ટન, તા. ૧૭: પ્રમુખ ટ્રમ્પે જણાવ્યું કે ઈરાનમાં યુદ્ધ પૂર્ણ થવાના આરે છે, સાથે જ તેમણે ચેતવણી આપી કે જો કેનેડા યુરોપિયન યુનિયનમાં જોડાશે તો તેઓ સમગ્ર યુરોપ ખંડ પર નવા ટેરિફ લાદશે.

ટ્રમ્પે બુધવારે મિડટર્મ ચૂંટણીમાં રિપબ્લિકનને સમર્થન આપવા માટેના એક નિર્ધારિત કાર્યક્રમ પહેલાં પત્રકારો સાથે વાતચીત કરી હતી. જ્યારે તેમને કેનેડા 'એસોસિએટ મેમ્બર' તરીકે EU માં જોડાવાના પ્રસ્તાવ વિશે પૂછવામાં આવ્યું, ત્યારે ટ્રમ્પે કહ્યું કે તેમને આ વિચાર 'હાસ્યાસ્પદ' લાગ્યો છે. 'કેનેડા એક ભયંકર વેપારી ભાગીદાર રહ્યું છે, અને ના, હું તેને થતું નથી જોઈ રહ્યો,' એમ તેમણે કહ્યું અને વધુમાં જણાવ્યું કે 'અને જો તેઓ એવું કરશે, અને જો મને લાગશે કે તે કોઈ વિરોધપૂર્ણ પગલું છે, તો હું યુરોપ પર ખૂબ જ ભારે ટેરિફ લાદીશ અથવા ઘણી વસ્તુઓ પર તેમની સાથેનો વેપાર બંધ કરી દઈશ,' આ ચેતવણી આપતા વધુમાં તેમણે કહ્યું કે 'જો તે ખરાબ ઈરાદાથી કરવામાં આવશે, તો આપણે યુરોપ પર ખૂબ જ ભારે ટેરિફ લગાવીશું.'

પ્રમુખનું આ નિવેદન હાઉસ દ્વારા 'વોર પાવર્સ રિઝોલ્યુશન' મંજૂર કર્યાના એક જ દિવસ પછી આવ્યું છે. આ ઠરાવ સંસદની મંજૂરી વિના અથવા અમેરિકા કે તેના કોઈ સાથી દેશને 'તોળાતા હુમલા'થી બચાવવા સિવાય સૈન્ય કાર્યવાહી ચાલુ રાખવાની પ્રમુખની સત્તા પર રોક લગાવશે.

બાંગ્લાદેશમાં ૨૦ વર્ષનું સૌથી ગંભીર વીજ સંકટ

ટોર્ચના અજવાળે દર્દીઓની સારવાર

ગેસ અને કોલસાની અછતથી દેશમાં ૩,૫૦૦ મેગાવોટ વીજળીની તંગી; ભારત પાસેથી તાત્કાલિક વધુ મદદ મળવી મુશ્કેલ

ઢાકા, તા. 17 : બાંગ્લાદેશ હાલ છેલ્લા ૨૦ વર્ષના સૌથી ભયાનક વીજ સંકટનો સામનો કરી રહ્યું છે. દેશના અનેક વિસ્તારોમાં રોજના કલાકો સુધી પાવર કટ થઈ રહ્યો છે. સ્થિતિ એટલી ગંભીર બની છે કે બરિશાલની એક હોસ્પિટલમાં જનરેટરનું ડીઝલ ખૂટી જતાં નર્સોએ મોબાઈલની ટોર્ચના અજવાળે દર્દીઓની સારવાર કરવી પડી હતી. કુદરતી ગેસનું સ્થાનિક ઉત્પાદન ઘટવા અને જુલાઈમાં મુખ્ય LNG ટર્મિનલમાં આગ લાગવાને કારણે પાવર પ્લાન્ટ્સ પૂરી ક્ષમતાથી ચાલી શકતા નથી.

ગેસ ઉપરાંત કોલસા આધારિત પટુઆખાલી અને રામપાલ જેવા મોટા પાવર પ્લાન્ટ્સમાં ખામી સર્જાતા વીજ ઉત્પાદન ઘટી ગયું છે.

વર્ષ ૨૦૨૨માં ૭૫૦ મેગાવોટની અછત હતી, જે અત્યારે વધીને ૩,૦૦૦ થી ૩,૫૦૦ મેગાવોટ થઈ ગઈ છે. રોજની ૧૬,૦૦૦ મેગાવોટની માગ સામે માત્ર ૧૩,૦૦૦ મેગાવોટ વીજળી જ બને છે. ભારત હાલ બાંગ્લાદેશને ૨,૬૫૬ મેગાવોટ વીજળી પૂરી પાડી રહ્યું છે. પરંતુ પોતાની ઉત્પાદન અને ટ્રાન્સમિશન મર્યાદાઓને કારણે ભારત માટે તાત્કાલિક વધારાની વીજળી પૂરી પાડવી મુશ્કેલ છે.

ધોરણ ૬ માટે ત્રિ-ભાષા નીતિ આવતા શૈક્ષણિક સત્રથી લાગુ કરવા સુપ્રીમ કોર્ટની CBSEને અપીલ

વિદ્યાર્થીઓ પર માનસિક બોજ ઘટાડવા ૨૦૨૭થી અમલ કરવા સૂચન; ૩માંથી ૨ ભારતીય ભાષાઓ શીખવી ફરજિયાત બનશે

સુપ્રીમ કોર્ટે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)ને ધોરણ ૬ના વિદ્યાર્થીઓ માટે ત્રણ ભાષાઓ ભણવાની નીતિ (ત્રિ-ભાષા ફોર્મ્યુલા) આગામી શૈક્ષણિક સત્ર ૨૦૨૭થી લાગુ કરવા વિચારવા જણાવ્યું છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની બેન્ચે ટિપ્પણી કરી હતી કે હાલમાં અભ્યાસ કરી રહેલા બાળકો પર માનસિક દબાણ ન આવે તે માટે આ નીતિ આવતા શૈક્ષણિક વર્ષથી અમલમાં મૂકવી વધુ હિતાવહ રહેશે. મુખ્ય ન્યાયાધીશ સૂર્ય કાંત અને ન્યાયમૂર્તિ જોયમાલ્ય બાગચી તેમજ વીએમ મોહનાની બનેલી બેંચ સમક્ષ CBSEનું પ્રતિનિધિત્વ કરી રહેલા એડિશનલ સોલિસિટર જનરલ(ASG) ઐશ્વર્યા ભાટીએ જણાવ્યું હતું કે બોર્ડ આ સૂચન પર વિચાર કરશે. જો કે, CBSE એ બેંચને સુપ્રત કરેલી પોતાની નોંધમાં જણાવ્યું હતું કે ધોરણ ૬માં હાલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ત્રણ-ભાષાના માળખાના અમલીકરણમાં હાલની છૂટછાટ લંબાવવી વ્યવહારુ ન હોઈ શકે, કારણ કે આનાથી શિક્ષણમાં તફાવતો સર્જાઈ શકે છે અને નીતિ અમલમાં મૂકવામાં વિલંબ થઈ શકે છે. ન્યાયમૂર્તિ બાગચીએ શરુઆતમાં જ જણાવ્યું કે બાળકોની સરળતા માટે CBSE એ આગામી શૈક્ષણિક વર્ષ માટે આ ત્રણ-ભાષા નીતિનો અમલ કરવાનું મુલતવી રાખવા પર વિચાર કરવો જોઈએ.

વેચાણ અંગેની જાહેર નોટીસ

આ જાહેર નોટીસ દ્વારા આથી જણાવવાનું કે **જી. સુરત, તા. મજુરાના મોજે: ગવિયરના રે. સ./બ્લોક નં. ૨૬૯/૨ થી નોંધાયેલી બિનખેતીની જમીન, જેનું ક્ષેત્રફળ ૬૯૮૧ ચો.મી. છે તે જમીન, જેને ટી. પી. સ્કીમ નં. ૩૨ (ગવિયર-વાંટા-ડુમસ)માં સમાવેશ કરી ફા. પ્લોટ નં. ૧૩૬/૧ તથા ૧૩૬/૨ ફાળવવામાં આવેલ છે તે પૈકી ફા. પ્લોટ નં. ૧૩૬/૧, જેનું કુલ ક્ષેત્રફળ ૧૫૨૯.૩૧ ચો.મી. છે તે પૈકી ૧૪૨૧ ચો.મી. જમીન તેના માલિક રાજેશ બાલકિશન પોદ્દાર પાસેથી હમારા અસીલ વેચાણ રાખવા માંગે છે.** ઉપર જણાવેલી જમીનમાં તેઓ સિવાય અન્ય કોઈના કોઈપણ પ્રકારના હક્ક, હિત, લાગભાગ, હિસ્સો, કબજો, ગીરો, લિયન, વગેરે હોય યા કોઈ બેંક કે નાણાંકીય સંસ્થાનો બોજો હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન ૭ (સાત) માં લેખિત પુરાવાઓ સહિત અમને લેખિતમાં જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો તેઓ સિવાય મજકુર જમીનમાં ઉપર જણાવેલા તેના માલિક સિવાય અન્ય કોઈના હક્ક, હિત નથી અને હોય તો તે જતા કર્યા છે એટલે કે ''વેઈવ'' કર્યા છે, તેમ ગણી મુદત વીત્યે કોઈની તર-તકરાર કે વાંધા ચાલશે નહીં અને મુદત વીત્યે હમારા અસીલ મજકુર જમીન અંગેના પાકા લખાણો કરાવી લેશે તેની તમામ લાગતાં વળગતાંઓએ નોંધ લેવી.

૫૧૧, સેન્ટ્રલ બિઝનેસ હબ,
પાર્લે પોઈન્ટ, સુરત.

મનિષ જે. ગાંધી
હિરેન એચ. પટેલ
તે ખરીદનારના એડવોકેટ

સુરત, તા.પલસાણા, મોજે ઇંટાળવા ના બ્લોક નં. ૧૯૩/બ વાળી બીનખેતીની જમીન અંગે ટાઇટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ ટાઇટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસથી જણાવવાનું કે,

સુરત ડીસ્ટ્રીકટ, પલસાણા સબ-ડીસ્ટ્રીકટના મોજે ગામ - ઇંટાળવા ના સર્વે નં. ૧૪૫, ૧૭૪, બ્લોક નં.૧૯૩/બ જેનું જરાયતનું ક્ષેત્રફળ હે.આરે ૧-૫૮-૩૩ ચો.મી., પો.ખ. મારગનું ક્ષેત્રફળ ૦-૦૪-૦૫ ચો.મી. મળી કુલ્લે ક્ષેત્રફળ હે.આરે ૧-૬૨-૩૮ ચો.મી., ખાતા નં. ૧૧૨૧, આકાર રૂા.૧૦૨૯૧-૦૦ પૈસાવાળી બીનખેતીની જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિત દરોબસ્તવાળી જમીન રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં (૧) દર્શનાબેન પ્રિતેશભાઈ પટેલ તથા (૨) રિધ્ધિ ફરઝાદ દસ્તુર ના નામે સંયુકત માલીક, મુખત્યાર, પ્રત્યક્ષ કબજેદાર ભોગવટેદાર તરીકે આજદિન સુધી ચાલી આવેલ છે. સદર જમીન અંગે મજકુર જમીનમાલીકોએ ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં કોઇપણ વ્યકિત, સંસ્થા યા બેંકનો કોઇપણ જાતનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, કબજો, બોજો, ગીરો, લિયન વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી તેમણે દસ્તાવેજી પુરાવાઓ સહિત દિન-૭ (સાત)માં હમારા નીચે જણાવેલ સરનામે લેખિતમાં જાણ કરવી અને રૂબરૂ મળી જવું. જો તેમ કરવામાં કસુર થયેથી, સદરહુ જમીન યા તેના કોઇ ભાગ અંગે કોઇનો કોઇપણ જાતનો હકક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો નથી અને હોય તો તે જતો યાને વેઈવ કર્યો છે તેમ માની આ નોટીસની મુદત વિત્યે સદર બ્લોક નં.૧૯૩/બ વાળી બીનખેતીની જમીન ઉપરોકત જમીન-માલીકોની સ્વતંત્ર માલીકીની, પ્રત્યક્ષ કબજા ભોગવટા હેઠળની છે તેવું માની ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઇપણ જાતની તર-તકરાર ચાલશે નહીં. જેની લાગતા વળગતાઓએ ખાસ નોંધ લેવી.

ઓ: બી-૬૧૧, સ્વસ્તિક યુનિવર્સલ,
વેલેન્ટાઇન થિયેટર પાસે,
સુરત-ડુમસ રોડ, સુરત.

ડો. મેહુલ એસ. ચોકસી
જીમીત એચ. શાહ
તે માલિકોના એડવોકેટ્સ

નામ બદલ્યું છે

મારું જુનું નામ **બિનીતા તિવારી** હતું.
જે બદલીને નવું નામ **વિનીતા ચંદ્રભૂષણ તિવારી** રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
લિ. વિનીતા ચંદ્રભૂષણ તિવારી
સરનામું : એ-૨૦૪, આકાશ એન્કલવ, આકાશ એરાની પાસે, અલથાણ-ભીમરાડ, સુરત. ૩૯૫૦૦૭. (ગુજરાત – ભારત)

મોજે કોસમાડાના રે.સર્વે નં.૩૩૫, બ્લોક નં.૨૬૭ ક્ષેત્રફળ ૧-૭૧-૪૩ પૈકી ૦-૮૫-૭૧ હે.આરે.ચો.મી. જમીન અંગે જાહેર ચેતવણી

સદરહું ઉપરોકત જમીન યાને ૧-૭૧-૪૩ હે.આરે.ચો.મી. પૈકી દક્ષિણ દિશા તરફના અડધા હિસ્સાની જમીન અમારા અસીલ ધનજીભાઇ વાલજીભાઇ દુધાત તથા રમેશભાઇ ધરમશીભાઇ વસોયા નાઓએ જશુબેન ખુશાલભાઇ પટેલ પાસેથી રજીસ્ટર્ડ સાટાખતથી તા.૨૧/૦૩/૨૦૧૪ ના રોજ ખરીદ કરેલ છે જે સાટાખત મહે. સબ રજીસ્ટ્રારશ્રી કામરેજ રૂબરૂ અનુક્રમ નં.૩૫૧૧ થી તા.૨૮/૦૫/૨૦૧૪ ના રોજ નોંધાયેલ છે. આમ, જશુબેન ખુશાલભાઇ પટેલ નાઓએ પણ સાટાખતમાં થયેલી શરતો કબુલ મંજુર રાખેલ છે અને રજીસ્ટર્ડ સાટાખત કરેલ છે. ત્યારબાદ જશુબેન ખુશાલભાઇ પટેલ નાઓ ત્રાહિત વ્યકિતની ચઢામણીમાં દાનત ભ્રષ્ટ થતા સાટાખતમાં થયેલી શરતોમાંથી ફરી જતા અમારા અસીલોએ સાટાખતના વિશેષ અમલ માટે મહે. સુરતના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જડજ સાહેબની કોર્ટમાં જુનો સ્પે. દિ.મુ.નં.૩૨૬/૨૦૧૪ જેનો નવો સ્પે.દિ.મુ.નં.૧૪૪/૨૦૧૭ થી દાવો દાખલ કરેલ છે જે દાવામાં આંક-૫ મનાઇ અરજી આપેલ જે મનાઇ અરજી નામદાર કોર્ટે તા.૦૮/૦૭/૨૦૧૭ ના રોજ મંજુર કરેલ છે જેમા નીચે મુજબ હુકમ કરેલ છે.

:: ORDER ::

1. This application under Exh.5 and 34 are hereby partly allowed and all the parties of suit are hereby directed to maintain the status quo i.e. situation prevailing at the time of filing of the suit property i.e. as per dated 16th July, 2014, to till the final conclusion of the present suit.
2. The cost will follow final out came of the suit accordingly Pronounced in open Court today on 28th July 2017.

Place : Surat
Date : 28/07/2017

(Paraskumar Vinodray Bhatt)
14th Addl. Sr. Civil Judge & ACJM,
Civil Court Surat

ત્યારબાદ જશુબેન ખુશાલભાઇ પટેલ નાઓ નામદાર કોર્ટમાં હાજર રહી વેચાણ વ્યવહાર અંગેની અને સાટાખત અંગેની કબુલાત આપેલી છે અને સદરહું દાવાના વાદી તથા પ્રતિવાદી નં.૧ જશુબેન ખુશાલભાઇ પટેલ નાઓ કોર્ટ સમક્ષ સમાધાનનામું રજુ કરી કબુલાત આપેલ છે જેને કોર્ટે ધ્યાને લીધેલ છે.

હાલમાં જશુબેન ખુશાલભાઇ પટેલ નાઓ ગુજરી જવાથી તેઓના કહેવાતા વિલના આધારે વિલના લાભાર્થીઓ જમીન ત્રાહિતને વેચાણ કરવા ફરી રહેલા છે તેવું અમારા અસીલોને જાણવા મળેલ છે પરંતુ સદરહું જમીનના ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ નથી. સદરહુ જમીન અંગે કોઇપણ ત્રાહિત વ્યકિતને વેચાણ વ્યવહાર કે લખાણો કરવાનો કાયદા મુજબ હકક અને અધિકાર રહેલો નથી અને તેવા કોઇ લખાણો કરે તો પણ કાયદા વિરૂદ્ધનું કૃત્ય છે અને કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટનું કૃત્ય કરેલું ગણાશે તેમા વેચનાર-લેનાર બંને નામદાર કોર્ટના હુકમના અનાદર બદલ કાર્યવાહી થવાને પાત્ર ગણાશે. જેથી સદરહું જમીન અંગે કોઇપણ વ્યકિત, પેઢી, બેંક, સંસ્થા કે ખાનગી કચેરીઓએ કોઇપણ વેચાણના લખાણો કરવા નહી તેમજ કોઇપણ નાણાંકીય રકમની આપ-લે કરવી-કરાવવી નહી તેમછતાં તેવા કોઇપણ લખાણો કે વ્યવહારો કે નાણાંકીય આપ-લે કરવા-કરાવવામાં આવશે તો તે ગેરકાયદેસર ગણાશે અને અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી અને કહેવાતા ખરીદનાર શુદ્ધબુદ્ધિપુર્વકના ખરીદનાર કહેવાશે નહી તેમજ નામદાર સીવીલ કોર્ટનો હુકમ હોવા છતાં વેચાણના લખાણો કરવા બદલ કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની કાર્યવાહી કરવામાં આવશે અને કોર્ટ પ્રકરણમાં સંડોવવાનો વારો આવશે જેની તમામ જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સરનામું ૪-પુનિત ચેમ્બર, ઉધના દરવાજા, રિંગ રોડ, સુરત. મો.નં.૯૮૭૯૩ ૦૩૪૫૦

દેવેન્દ્ર એસ. ટંડેલ તથા **ભાવિન એમ. પટેલ**
સ્પે.દિ.મુ.નં.૧૪૪/૨૦૧૭ ના દાવાના વાદીના એડવોકેટ

મોજે : બૌધાન, તા. અરેઠ, જી. સુરતનાં બ્લોક નંબર : ૨૬૯ વાળી ખેતીની જમીનનાં વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, સબ–ડીસ્ટ્રીકટ માંડવી (હાલ અરેઠ)નાં **મોજે : બૌધાન** ગામની સીમમાં આવેલ સર્વે નં. ૧૪૪, **બ્લોક નંબર : ૨૬૯** ની ક્ષે. હે. ૧–૧૩–૩૧ ચો.મી., આકાર રૂા. ૬.૫૬ પૈસાથી નોંધાયેલી ખેતીની જુની શરતની જરાયત જમીન **રાકેશભાઈ કાંતિભાઈ પટેલ તથા મનિષભાઈ કાંતિભાઈ પટેલ**, રહે : પટેલ ફળિયું, ડુંગરા, તા. કામરેજ, જી. સુરત નાંની સ્વતંત્ર માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની ચાલી આવેલ છે, જેઓએ સદરહુ જમીનનાં ટાઈટલ ચોખ્ખા, કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે અને ટૂંક સમયમાં મારા અસીલ વેચાણ અવેજની પુરેપુરી રકમ ચુકવી સદરહુ જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. જેથી ઉપરોકત જમીનમાં અન્ય કોઈનાં કાંઈપણ પ્રકારનાં લાગ ભાગ, દરદાવો, હકક, હિસ્સો, હિત, સબંધ, ખાધાખોરાકી યા લીયનનાં હકકો યા ઈઝમેન્ટનાં હકકો યા બેંક, મંડળી, સંસ્થા, રાજય સરકારનાં કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરૂધ્ધ વાંધો હોય તો તેમણે આધારભુત લેખીત પુરાવા સહીત આ નોટીશ પ્રસિધ્ધિથી દિન–૭ માં હમોને લેખીતમાં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઈ હકક, વાંધા રજુ થશે નહીં તો કોઈના હકક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે, તેવુ માની હમારા અસીલ સદરહુ જમીન નો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં જમીનનાં ટાઈટલ અંગે કોઈની કાંઈપણ તર–તકરાર તથા વાંધા ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

પિયુષ ડી. પરમાર
એડવોકેટ એન્ડ નોટરી

ઓફીસ : ૧૧૫–૧૧૬, ગોલ્ડન પ્લાઝા, કામરેજ ચાર રસ્તા, કામરેજ, સુરત.
મોબાઈલ નં. ૯૯૦૯૧ ૬૨૫૫૩

ટાઇટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ મજુરા તાલુકાના મોજે ગામ : **ડુમસ**ના બ્લોક / સર્વે નં. **૭૬૧** થી નોંધાયેલ જમીન કે જેનું રેવન્યુ રેકર્ડ મુજબ સુમારે ક્ષેત્રફળ **હે.આરે. ૦-૯૩-૦૮ ચો.મી.** જેનો આકાર રૂા.૧૧-૫૬ પૈસા, ખાતા નં.૩૩૫૬ થી નોંધાયેલ જમીનને ટી.પી.સ્કીમ લાગુ પડતા તેનો સમાવેશ **ટી.પી.સ્કીમ નં.૮૨ (ડુમસ)**માં કરી તેને **ફાયનલ પ્લોટ નં.૯૦** થી સુમારે **૬૦૫૦ સ.ચો.મી.** જમીન ફાળવેલ છે તે રહેણાંકના હેતુ માટેની બિનખેતીની જમીનના **(૧) શૈલેષ બાબુલાલ શાહ, (૨) રીટાબેન જીતેન્દ્રકુમાર શાહ, (૩) વત્સલ વિજય શાહ તથા (૪) રિશીલ સંજય શાહ** તમામનાઓ કાયદેસરના માલિક, મુખત્યાર, કબજેદાર ચાલી આવેલા હોવાનું જણાવી હમો કનેથી ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદરહુ બિનખેતીની જમીનમાં અન્ય કોઈના કોઈપણ પ્રકારના લાગભાગ, દરદાવો, હકક, હિત, હિસ્સો, ખાધાખોરાકી, પોષાકી, લીયન, ઈઝમેન્ટના હકકો યા કોઈ બેંક, મંડળી, નાણાંકીય સંસ્થા, રાજ્ય સરકાર, કેન્દ્ર સરકારના કોઈપણ બોજા, ચાર્જ, લેણું ઈત્યાદી હોય તેમજ આ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરવા સંબંધે વાંધો હોય તો તેમણે આધારભુત લેખિત પુરાવા સહીત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં હમોને લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ જાતના હક્કો નથી અને હોય તો તે જતા યાને વેવ કર્યા છે તેવું શુધ્ધબુધ્ધિપૂર્વક માની લઈ સદરહુ જમીન અંગે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરવામાં આવશે. ઉપરોક્ત જણાવેલ સમય પુર્ણ થયા બાદ સદરહુ જમીનના ટાઈટલ અંગે કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર કે વાંધા ગ્રાહય રાખવામાં આવશે નહીં, જેની આથી લાગતા-વળગતા તમામે તથા જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

ઓફીસ : ૨૦૧, "શિવમ", પાલીયા સ્ટ્રીટ, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧. મો.૯૮૭૯૫૦૦૦૨૯

ચિરાગ એ.ગજીવાલા
એડવોકેટ

:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

સુરત ડિસ્ટ્રીકટ, મજૂરા સબ-ડિસ્ટ્રીકટ, **મોજે: ભીમપોર**ના ગાંધીઘરના **જૂના રે.સ.નં.: ૧/૧ પૈકી, હાલ નવો રે.સ.નં.: ૭૧/બ પૈકી ૪** વાળી જમીન ઉપર આવેલ **સર્વોદયનગર સહકારી ગૃહ નિર્માણ મંડળી લી.** કે જે ગુજરાત કો.ઓ.હા. સોસાયટી એક્ટ અન્વયે રજીસ્ટર્ડ થયેલી ગૃહ મંડળી છે. સદર મંડળી તરફથી સત્યમ્/શિવમ્/સુંદરમ્ પૈકી **સુંદરમ્ વિભાગ (પશ્ચિમ)** માં આવેલ **પ્લોટ નંબર: ૪૫** કે જેના પ્રત્યક્ષ—માલિક, મુખત્યાર, કબજેદાર, ભોગવટેદાર તરીકે **(૧) મયુર જીવરાજભાઈ વાનાણી તથા (૨) કમલેશ રવજીભાઈ વેકરીયા** હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદરહું મિલ્કતમાં ઉપરોક્ત જણાવેલ માલિક સિવાય અન્ય કોઈ વ્યક્તિ, બેંક, સંસ્થા કે સહકારી મંડળીનો કોઈપણ પ્રકારનો હક્ક-હિત-હિસ્સો, બોજો, લોન, લાગ-ભાગ તેમજ દર-દાવો, સોદાચિઠ્ઠી, સાટાખત, બાનાખત કે ભરણપોષણના હક્કો, સુખાધિકારના હક્કો કે વારસાઈહક્કો કે કબજો કે લીયન હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન—૭ માં અસલ દસ્તાવેજી પુરાવા સહિત હમોને તેની લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં કસૂર યા ચૂક થશે તો સદરહું જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક-હિત-હિસ્સો, બોજો, લાગ-ભાગ, દર-દાવો કે કબજા-હક્ક નથી અને હોય તો તે તમામ છોડી દીધા છે યાને વેવ કર્યા છે, તેમ સમજી અમારા અસીલ કાયદેસરના વ્યવહાર પૂર્ણ કરી પાકા દસ્તાવેજો કરાવી લેશે. ત્યારબાદ, કોઈની તર-તકરાર વાંધો ચાલશે નહીં, જેની જાહેર જનતાને નોંધ લેવી.

અસીલની સૂચના અને ફરમાઈશ અન્વયે સદર નોટીસ આપેલ છે.

મારી મારફત
(અશ્વિન એચ. વસાવા)
એડવોકેટ & નોટરી
(મો નં.: ૯૯૨૫૫-૦૮૫૦૬)

તા.: ૧૭.૦૯.૨૦૨૬
ઓફિસ: ૧૦૮, બીજો માળ, મેઘરત્ન કોમ્પલેક્ષ, બેંક ઓફ બરોડાની પાસે, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧.

-:: જાહેર ચેતવણી ::-

આથી જાહેર જનતાને જણાવવાનું કે, મારા અસીલ સંતોષકુમાર કુંજબિહારી તિવારી, રહેવાસી : પ્લોટ નંબર : ૪૭-૪૮, રંગીલા નગર-૨, નિલગીરી, ડીંડોલી, સુરતનાએ ભાગીદારીમાં 'શ્રી સાંઈ એન્ટરપ્રાઈઝ'ના નામથી ઈ/૬૭૪, મીલેનિયમ પાર્ક, ગેટ નંબર : ૩, કરડવા રોડ, ડીંડોલી, સુરત ખાતે જમીન, મકાન ખરીદ-વેચાણ કરવાનો ધંધો શ્રી રાજેશકુમાર નનકુ ઉર્ફે નન્હકુ ઉપાધ્યાય, રહેવાસી : ૯, રંગ સાંઈ કૃપા સોસાયટી, આરાધના રો-હાઉસ પાસે, ખરવાસા, ડીંડોલી, સુરતનાની સાથે તા. ૧૩.૦૭.૨૦૧૭ ના રોજથી ભાગીદારીમાં શરૂ કરેલ અને તે અંગેનો ભાગીદારી દસ્તાવેજ એડવોકેટ એન્ડ નોટરીશ્રી રાજેશ ડી. ત્રિવેદી સમક્ષ બી ફોર મી નોટરાઈઝ કરવામાં આવેલ છે. મજકુર ભાગીદારી પેઢીમાં મારા અસીલે લાખ્ખો રૂપિયાનું રોકાણ કરી તેઓની સહીથી સોદો કરી ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ તાલુકો : ચોર્યાસીના મોજે ગામ : તલંગપોરના સર્વે નંબર : ૧૯/૧ ૩, ૧૮૮/૩, બ્લોક નંબર : ૩૪૫/અ, ખાતા નંબર : ૫૮૫ કે જેનું ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નંબર : ૩૩ લાગુ પડતા એફ.પી. નંબર : ૧૯૪/અ પૈકી ૧૯૪/બ પૈકીવાળી બિનખેતીની જમીન, જે ૭/૧૨ મુજબ હે.આરે. ૧-૨૫-૪૫ ચોરસ મીટર પૈકી હે.આરે. ૦-૯૪-૦૮.૭૫ ચો.મી. જે એફ.પી. મુજબનું ક્ષેત્રફળ : ૭૫૨૭.૦૦ ચોરસ મીટર પૈકી ૫૬૪૫.૦૦ ચોરસ મીટર જમીન શ્રી રાજેશકુમાર નનકુ ઉર્ફે નન્હકુ ઉપાધ્યાયે મારા અસીલ સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી કરી.મજકુર જમીન માલિક (૧) મણીબેન ભગાભાઈ તે સુખાભાઈ પટેલની વિધવા તથા (૨) કમુબેન ભગાભાઈ તે ઠાકોરભાઈ પટેલની વિધવા પાસેથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર : ૬૫૬૨ અન્વયે તા. ૦૩.૧૧.૨૦૨૧ ના રોજથી ખરીદ કરેલ. ત્યારબાદ મારા અસીલની જાણ બહાર અને સંમતિ વિના શ્રી રાજેશકુમાર નનકુ ઉર્ફે નન્હકુ ઉપાધ્યાયે મજકુર જમીનમાં પ્લોટો પાડી વ્યક્તિગત નામે વેચાણ કરે છે અને જે તે પ્લોટ-મિલકતની વ્હાઈટના નાણાં મજકુર 'શ્રી સાંઈ એન્ટરપ્રાઈઝ'ની 'યશ બેન્ક લીમીટેડ', સહારા દરવાજા શાખા, સુરતના એકાઉન્ટ નંબર : ૦૮૪૧૬૩૪૦૦૦૦૦૮૭૨ માં ડિપોઝીટ (જમા) કરાવી મારા અસીલ સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી કરી ગેરકાયદેસરનું કૃત્યો કરી આચરી રહ્યા છે, મજકુર જમીન ખરીદ કરતી વખતે ભાગીદારી પેઢીમાં મારા અસીલે લાખો રૂપિયાનું રોકાણ કરેલ અને મારા અસીલની સહી-સંમતિથી મજકુર જમીન ખરીદ કરવા સોદો થયેલ છે, જેથી મજકુર ભાગીદારી પેઢીમાં તેમજ મજકુર જમીનમાં મારા અસીલનું હક્ક, હિત, હિસ્સો સમાયેલ હોવાથી જેથી મારા અસીલની પરવાનગી/સંમતિ વગર કોઈપણ ત્રાહિત વ્યક્તિ, સંસ્થા, બેન્ક કે શરાફી પેટીએ નાણાંકિય, બિનનાણાંકિય વ્યવહારો કરવા-કરાવવા નહીં અન્યથા તે તમામ સામે પણ મારા અસીલ કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે અને તેઓને તર-તકરાર સિવાય કાંઈ પ્રાપ્ત થશે નહીં જેની તમામે નોંધ લેવી.

-:: મારી મારફતે ::-
ગીતા બી. સોલંકી તે 'શ્રી સાંઈ એન્ટરપ્રાઈઝ'ના ભાગીદાર સંતોષકુમાર કુંજબિહારી તિવારીના એડવોકેટ એન્ડ નોટરી, ઓફિસ : ૬૬, માર્કેટીંગ યાર્ડ, એ.પી.એમ.સી. માર્કેટ, કોસંબા, સુરત. મો.નં. : ૯૨૬૫૪ ૫૨૧૧૫

જાહેર નોટીસ

મહે. સુરતના ૨૧માં એડી. સીનીયર સીવીલ જડ્જ સાહેબની કોર્ટમાં

વાદી :- સંજય પ્રવિણચંદ્ર ખાટીવાલા વિગેરે — સ્પે.દિ.મુ.નં. ૬૯/૨૦૨૬

....વિરૂધ્ધ...

પ્રતિવાદી :- મનુભાઈ ભીમજીભાઈ ઘડુક (એચ.યુ.એફ.) વિગેરે,

આથી આ જાહેર સમન્સ આપીને જણાવવાનું કે,

ઉપરોકત કામના વાદીએ દાવાવાળી મિલકત બાબતે પ્રતિવાદીઓ વિરૂદ્ધ દસ્તાવેજ રદબાતલનો, જાહેરાતનો તથા કાયમી મનાઈ હુકમ વિગેરે દાદ માટે કરેલો છે. જેમાં નીચે જણાવેલા પ્રતિવાદીઓને તેઓના દાવામાં જણાવેલ સરનામે બજવણી કરતા છતાં બજવણી થયેલ નથી.

(૧) મનુભાઈ ભીમજીભાઈ ઘડુક (એચ.યુ.એફ.),
રહે. : ૨૬, ધરમનગર સોસાયટી, એ.કે.રોડ, સુરત-૩૯૫૦૦૮.
(૨) હરજીભાઈ નાનજીભાઈ પટેલ,
રહે.: ૪૨, ઈશ્વરકૃપા સોસાયટી, લંબેહનુમાન રોડ, ત્રિકમનગર-૨ ની પાછળ, સુરત-૩૯૫૦૦૬.
(૩) મુકેશભાઈ શામજીભાઈ સરોલા,
રહે.: ૩૬૯, વર્ષા સોસાયટી - ૧, લંબે હનુમાન રોડ, માતાવાડી, સુરત - ૩૯૫૦૦૬.
(૪) જમનાબેન કિરીટભાઈ પટેલ,
રહે. : ૫૧, ધરમનગર સોસાયટી, એ.કે.રોડ, સુરત - ૩૯૫૦૦૮.

જેથી આજરોજ ઉપરોકત પ્રતિવાદીઓને આથી આ જાહેર સમન્સ દ્વારા ઉપરોકત દાવા બાબતે જાતે અગર વકીલ મારફતે તા.૨૧/૧૦/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવ્યેથી કાયદેસરની કાર્યવાહી કરી યોગ્ય હુકમ કરવામાં આવશે તેની નોંધ લેવી. આજરોજ તા.૧૭/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર		હુકમથી
સહી, આસીસ્ટન્ટ	સહી, સુપ્રિટેન્ડન્ટ	કોર્ટનો સિક્કો	સહી, (હીના દેસાઈ)
(એસ.જે.પટેલ)	(આર.એચ.વજીર)		રજીસ્ટ્રાર
સીવીલ કોર્ટ, સુરત.	સીવીલ કોર્ટ, સુરત.		સીવીલ કોર્ટ, સુરત.